# અંબાજીમાં ડુપ્લીકેટ ઘી વેચવાનું કૌભાંડ ચલાવતા વેપારીઓ

અંબાજી, તા. ૧૬

અંબાજી ગામની ભોળી-ભાળી જનતાને બેવકૂફ બનાવી ચોખ્ખુ દેશી ઘીના નામે નકલી ઘી પધરાવવાનું કૌભાંડ હાલ મોટા પ્રમાણમાં ચાલી રહ્યું છે. મા અંબાના ધામમાં છેલ્લા કેટલાક સમયથી ઓરીજનલના ડબ્બા જેવા જ નકલી ઘીના ડબ્બા ચોખ્ખા ઘીના ભાવે અંબાજીના કેટલાક વેપારીઓ દ્વારા વેચવામાં આવી રહ્યું હોવાની બૂમ ઉઠી છે. જ્યારે ગામ લોકો ઘી ખરીદ્યા બાદ બીલ માંગે તો બીલબુક નથી, છપાવવામાં પડી છે તેવા જવાબો મીઠી ભાષામાં આપી ગામ લોકોને ઉલ્લુ બનાવી અને મોટા વેપારીઓ દ્વારા સેલ્સ ટેક્સની ચોરી કરવામાં આવે છે. જેમાં સરકારના કેટલાક અધિકારીઓની મીલીભગતથી આ ડુપ્લીકેટ ઘીનો ધંધો ચલાવવામાં આવે છે.

આ ઘી આરોગ્યપ્રદ હોતુ નથી અને શિયાળાની આ સિઝનમાં લોકો વધારે પ્રમાણમાં વસાણા બનાવવામાં આ હલકુ બીન આરોગ્યપ્રદ ઘીનો ઉપયોગ કરે છે. જેના લીધે તેમના પોતાના તથા પરીવારના લોકોની તંદુરસ્તી જોખમાય છે. ગ્રામજનોને આ રીતે હલકુ ડુપ્લીકેટ ઘી ખવડાવનાર ઘીના વેપારીઓના ગોડાઉન ઉપર જો રેડ પાડવામાં આવે તો ડુપ્લીકેટ ઘીનું ઘણું મોટુ કૌભાંડ બહાર પડી શકે છે.



હિન્દી ફિલ્મ જગતનાં જાણીતા અભિનેતા જીતેન્દ્ર આજે સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીની મુલાકાતે આવી પહોંચ્યા હતા. જ્યાં અંબાજી મંદિરે પહોંચતા તેનું ઉષ્માભર્યું સ્વાગત કરાયું હતું ને નીજ મંદિરમાં વી.આઈ.પી. દર્શનનો પણ ગર્ભગૃહમાં લાભ લીધો હતો. જ્યાં તેમને કુમકુમ તિલક સાથે ચુંદડી ઓઢાડવામાં આવી હતી. સાથો સાથ આ સમયે પોતાની પુત્રી એકતા કપુર માટે કુમકુમની માંગણી પણ કરી હતી.

# ધોલવાણીના હનુમાનજીના મંદિરમાંથી ૩૫ હજારથી વધુની મત્તાની ચોરી

હિંમતનગર, તા. ૧૬

વિજયનગર તાલુકાના ધોલવાણી ગામે આવેલ હનુમાનજીના મંદિરમાંથી સોમવારે રાત્રે અજાણ્યા શખ્સોએ મંદિરનું તાળુ તોડી મંદિરમાં પ્રવેશ કરી રૂ. ૩૫,૫૩૦ ઈલેક્ટ્રીક સામાન ચોરીને ભાગી ગયા હતા. ધોલવાણીના રવજીભાઈ ભુરજીભાઈ લટાએ મંગળવારે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# મોતીપુરામાંથી ૧૦ હજારની સ્કુટીની ચોરી

હિંમતનગર, તા. ૧૬

હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલ સૂર્યોદય હોટલની બાજુમાંથી સોમવારે પાર્ક કરેલ સ્કુટી નં. જીજે.૯.એએન.૭૦૭૮ની અજાણ્યા શખ્સો ચોરી કરીને લઈ ગયા હતા.

જે અંગે જગદીશચંદ્ર સોહનજી ખટીકે મંગળવારે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં રૂ.૧૦ હજારનું વાહન ચોરાયાની ફરિયાદ નોંધાવી હતી.

# મોડાસાના ઝાલોદર ગામે ૨૦૦થી વધુ ભાજપના કાર્યકરો કોંગ્રેસમાં જોડાયા : ભાજપામાં હડકંપ

મોડાસા, તા. ૧૬

અરવલ્લી જિલ્લાના સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીઓમાં ભવ્ય વિજય મેળવતા જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત પર કોંગ્રેસના પંજાએ કમળને મસળી નાખવા દબદબાભર્યો વિજય મેળવી જિલ્લા પંચાયત અને ૪ તાલુકા પંચાયત પર કબ્જો જમાવી દીધો હતો. અરવલ્લી જિલ્લાના ભાજપાના કાર્યકરો અને પાટીદાર સમાજ દ્વારા પક્ષ પલટો કરી કોંગ્રેસમાં જોડાતા જિલ્લાના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. મોડાસા તાલુકાના ઝાલોદર ગામે મંગળવારે સાકરિયા ગામના યુવા પાટીદાર સરપંચ અને જાલોદર તાલુકા પંચાયતના ભાજપના માજી સદસ્ય મહિલાના પતિ સહિત ૨૦૦થી વધુ ભાજપના કાર્યકરોએ તાલુકા પંચાયતના ભાજપના માજી સદસ્ય મહિલાના પતિ સહિત ૨૦૦થી વધુ ભાજપના કાર્યકરોએ કોંગ્રેસનો ખેસ પહેરી લીધો હતો. આ ઘટનાની જાણ પ્રદેશપક્ષ સમિતિને થતા ભાજપા દ્વારા ડેમેજ કંટ્રોલ કરવા કવાયત હાથ ધરી હોવાનું જાણવા મળ્યું હતું.

અરવલ્લી જિલ્લામાં છેલ્લા કેટલાય સમયથી પાટીદારોનો આક્રોશ ચૂંટણી પત્યા પછી પણ યથાવત રહ્યો છે. જિલ્લા ભાજપાની કાર્ય પ્રણાલીકા અને અણધડ વહીવટની સાથે ભાજપા પક્ષમાં પાટીદાર સમાજની સતત ઉપેક્ષા થતા અંદરો અંદર પાટીદાર સમાજ અને ભાજપના કાર્યકરોમાં વિરોધ જોવા મળી રહ્યો હતો. મંગળવારે આ વિરોધ સપાટી પર આવી જતાં ઝાલોદર ગામે ઝાલોદર તાલુકા પંચાયતની સીટ પરથી વિજેતા બનેલા કોંગ્રેસના ઉમેદવાર માનસીંગ પાંડોકના સન્માન સમારંભ કાર્યક્રમમાં મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર અને જિલ્લા પંચાયત અને ૬ તાલુકા પંચાયતના તમામ વિજય ઉમેદવારોની ઉપસ્થિતિમાં ભાજપાના યુવા કાર્યકર અને સાકરીયા ગામના સરપંચ પાટીદાર અગ્રણી મિનેષભાઈ પટેલ (ભેમાભાઈ) અને જોલાદર તાલુકા પંચાયતના ભાજપના માજી સદસ્યના



મહિલાના પતિ મુકેશભાઈ લખાભાઈ પટેલ, સાકરીયાના યુવાન પાટીદાર અનિકેત પટેલ સહિત પાટીદાર સમાજના યુવાનો સહિત ૨૦૦થી વધુ ભાજપાના કાર્યકરો કોંગ્રેસમાં જોડાયા હતા. મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસીંહ ઠાકોરે ૨૦૦થી વધુ કાર્યકરોને કોંગ્રેસનો ખેસ પહેરાવી આવકાર્યા હતા. આ સત્કાર સમારંભમાં ભાજપમાંથી કોંગ્રેસમાં જોડાયેલા ૨૦૦ કાર્યકરોથી ભાજપાના ગઢમાં ગાબડુ પાડ્યું હતું.

ગુજરાત રાજ્યમાં પાટીદાર અનામત આંદોલનની સૌથી વધારે અસર ઉત્તર ગુજરાતમાં જોવા મળી હતી. પાટીદાર અનામત આંદોલન દ્વારા પાટીદાર સમાજે ભાજપના નાકે દમ લાવી દીધો હતો અને પાટીદારોની નારાજગી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં જોવા મળી હતી અને ભાજપનો ગઢ ગણાતી જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતો પર વર્ષો પછી કોંગ્રેસે સત્તા મેળવી હતી. છેલ્લા કેટલાય સમયથી પાટીદારોનો આક્રોશ યથાવત રહ્યો છે. અને ભાજપા દ્વારા પાટીદાર સમાજના ચૂંટાયેલા ઉમેદવારોને કોરાણે મુકવાની પદ્ધતિથી પાટીદાર સમાજમાં આક્રોશ ફેલાયો છે. ત્યારે મોડાસા નગરપાલિકાની સામાન્ય સીટના પ્રમુખ પદ માટે ભાજપની ત્રણ મહિલા પાટીદાર વિજેતાઓની ઉપેક્ષા કરી ઓબીસી સમાજમાંથી પ્રમુખ અને ઉપપ્રમુખ તરીકે બેસાડી દેતા પાટીદાર સમાજમાં રોષ ભભુકી ઉઠ્યો છે. અને આગામી સમયમાં વધુ પાટીદારો કોંગ્રેસમાં જોડાય તો નવાઈ નહિ. અને આગામી ગુજરાત રાજ્યની વિધાનસભાની આવનારી ૨૦૧૭ની ચૂંટણીઓમાં પાટીદાર સમાજની ઉપેક્ષા ભાજપાને ભારે પડી શકે છે.

# જમાલપુરના બ્રિજ પરથી જીટીયુની ઉત્તરવહીની લૂંટ

## લૂંટ કરીને શખ્સો ફરાર થયા : પોલીસની ઉંઘ હરામ થઈ

ગાંધીનગર, તા.૧૬

શહેરના જમાલપુર બ્રિજ પર અજાણ્યા શખ્સોએ આજે વહેલી સવારે ૭.૧૫ વાગ્યે ટ્રકમાં ભરેલી જીટીયુની ઉત્તરવહીની લૂંટ કરી ફરાર થઈ ગયા હતા. આ ઘટનાની જાણ ગાયકવાડ પોલીસ અને જીટીયુના અધિકારીઓને કરતાં તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આવ્યા હતા. અને તપાસ હાથ ધરી હતી. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સુત્રો મુજબ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી ઉત્તરવહ ભરેલી ટ્રકમાંથી આજે વહેલી સવારે ચોરી થઈ હતી. જમાલપુર ફુલ બજાર પાસેથી ઉત્તરવહી ભરેલી ટ્રક પસાર થઈ હતી. તે દરમ્યાન કેટલાંક અજાણ્યા શખ્સો ટ્રકમાં ચડી ગયા હતા અને બોક્સને ખોલીને ફેંદયા હતા. અને બોક્સમાં ભરેલી ઉત્તરવહીની લૂંટ કરી ફરાર થઈ ગયા હતા.

આ ઘટનાની જાણ જીટીયુના અધિકારીઓને કરતાં તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા. આ અંગેની જાણ ગાયકવાડ હવેલી પોલીસને કરતાં તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આવ્યા હતા અને તપાસ હાથ ધરી હતી. ત્રણેક દિવસ બાદ ગુજરાત ટેકનોલોજી યુનિવસિર્ટીની ડિપ્લોમાં એનઈ, બીઈની પરિક્ષા શરૂ થઈ રહી છે. જેને પગલે ઉત્તરવહી છાપવા આપેલ કોન્ટ્રાક્ટર આજે સવારે ટ્રકમાં ઉત્તરવહી બોક્સ ભરીને જીટીયુ ચાંદખેડા ખાતેની ઓફિસે પહોંચડવા જઈ રહ્યા હતા. તે દરમિયાનમાં જમાલપુર ફુલ બજાર પાસે ઘટના બની હતી. આ અંગે ટ્રક ડ્રાઈવર શીવકુમાર રઘુવર યાદવે ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી આરોપીઓને શોધવા તજવીજ હાથ ધરી છે.



ગુજરાત વિધાનસભાના વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસનાં અગ્રણી શ્રી શંકરસિંહ વાઘેલા આજે યાત્રાધામ અંબાજી ખાતેની મુલાકાતે આવી પહોંચ્યા હતા. જ્યાં અંબાજી મંદિરમાં પધારેલા ૫૬ ભોગનાં અન્નકુટની આરતીનાં દર્શન કર્યા હતા. જ્યાં પુજારી દ્વારા કુમકુમ તિલકને માતાજીની ચુંદડી ઓઢાડવામાં આવી હતી. આરતી દર્શનનો લાભ લીધા બાદ શંકરસિંહ વાઘેલા માતાજીની ગાદી ઉપર ભટ્ટજી મહારાજ પાસે રક્ષાપોટલી બંધાવી આશીર્વાદ લીધા હતા અને । પ્રસંગે શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે અગાઉ અંબાજી ખાતે મા અંબાના દર્શન કરી કોંગ્રેસ દ્વારા ગુજરાતની જનસંપર્ક યાત્રાની શરૂઆત કરી હતી અને જેનાં પરીણામો તાજેતરની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણાં જોવા મળ્યાં છે. આવનારા સમયમાં પણ ગુજરાતમાં પરીવર્તન આવે તેવી માતાજીને પ્રાર્થના કરી હોવાનું જણાવ્યું હતું.

# હિંમતનગર સહકારી જીન ચાર રસ્તા પરથી ૩ લાખનો દારૂ અને બિયર ઝડપાયો

હિંમતનગર, તા. ૧૬

સાબરકાંઠા એલસીબી દ્વારા મંગળવારે રાત્રે બાતમીને આધારે હિંમતનગર સહકારી જીન ચાર રસ્તા પર હાઈવે પરથી પસાર થતી એક મીની લકઝરીમાંથી પાસ પરમીટ વિનાનો રૂ. ૩ લાખનો દારૂ અને બિયરનો જથ્થો ઝડપી લીધો હતો.

આ અંગે એલસીબીના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ રાજસ્થાનથી એક મીની લકઝરી નં. આર.જે. ૨૭.ટીએ.૬૧૨૬માં પાસ પરમીટ વિના દારૂનો જથ્થો લઈ જવાઈ રહ્યો છે. જે અંતર્ગત એલસીબીના સ્ટાફે વાહન ચેકીંગ હાથ ધર્યું હતું. પરંતુ મીની લકઝરીના ચાલકે પોલીસને જોઈ લકઝરીને ભગાડી મુકી હતી. ત્યારબાદ તેનો પીછો કરતા લકઝરીનો ચાલક વાહન મુકીને ભાગી ગયો હતો. ત્યારબાદ તેમાં તપાસ કરતા પોલીસે દારૂ અને બિયરની મળી રૂ. ૩ લાખની કિંમતની ૨૨૮૦ બોટલ અને ટીન ઝડપી લીધા હતા.

## એનએસજી હબ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મોદી પ્રયાસ કરી રહ્યા હતા. રાજય સરકારે જે જમીન ફાળવી છે તે હાલના બજાર ભાવે અંદાજે ૪૯૦ કરોડની થાય છે. પરંતુ દેશની ઉચ્ચ સિક્યુરિટી એજન્સી હોવાથી સરકારે માત્ર એક રૂપિયાના ટોકન દરે ફાળવી છે. ૨૦૦૯માં મુંબઈમાં થયેલા ત્રાસવાદી હુમલાના પગલે તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ તે સમયના વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહ સમક્ષ એનએસજીનું હબ ગુજરાતમાં બનાવવા ઉગ્ર રજુઆત કરી હતી. હવે નરેન્દ્ર મોદી જ્યારે ભારતના વડાપ્રધાન બની ગયા છે. ત્યારે તેમણે કેન્દ્રમાં આ મુદ્દે ગુજરાત વતી પક્ષ રજુ કર્યો હતો કે, ગુજરાત સરહદી રાજય હોવા ઉપરાંત વિશાળ દરિયાકિનારાના કારણે પણ ગુજરાત સુરક્ષાની દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ ગણાય છે. આ દલીલના આધારે તેમણે ગુજરાતમાં એનએસજીનું હબ સ્થાપવાની માંગ કરી હતી. આ ઉપરાંત, ગુજરાતના તમામ સાંસદોને પણ આ મુદ્દો ઉઠાવવા જણાવ્યું હતું.

## ફાર્મા સંસ્થા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ફાર્મા ક્ષેત્રના ખાભા પર લોકોના આરોગ્યની રક્ષાની સીધી જિમ્મેદારી છે. મેડીકલ ક્ષેત્ર આરોગ્ય સુખાકારી માટે જવાબદાર છે પરંતુ ફાર્મા ક્ષેત્રની જવાબદારી એથી પણ એક કદમ વધારે છે, તેમ પણ તેમણે ઉમેર્યું હતું.આનંદીબેને કહ્યું કે, આજે દેશ-દુનિયાની અગ્રગણ્ય ફાર્મા કંપનીઓની યાદીમાં ગુજરાતની ફાર્મા કંપનીઓએ ગૌરવવંતુ સ્થાન મેળવ્યું છે. ભારતમાં ફાર્મા ક્ષેત્રનો વિકાસ વાર્ષિક ૧૧ ટકાના દરે થઈ રહ્યો છે અને છેલ્લા બે દાયકાથી ગુજરાત દેશના ફાર્માસ્યુટીકલ ઉત્પાદનમાં ૪૦ ટકાથી વધુ હિસ્સો અને ફાર્મા એકસપોર્ટ નિકાસમાં ૨૨ ટકા યોગદાન આપી અગ્રેસર રહ્યું છે. તેમણે ફાર્મા ઊદ્યોગને પ્રોત્સાહન આપવા હેતુ ગુજરાતમાં ફાર્ઓમા સાઈજ શરૂ કરવામાં આવ્યા છે. તેની ભૂમિકા આપી હતી. તેમણે ઉમેર્યું કે, વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા પ્રી-કવોલીફાઈડ દવાઓનું જે ૬૭ ટકા ઉત્પાદન ભારતમાં થાય છે તેમાં પણ ગુજરાતનો હિસ્સો ૧૧ ટકાનો રહેલો છે.

## શીત લહેર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. ઠંડીના કારણે સાંજ પડતાં જ બાળકો, મોટેરાઓ ઘરમાં ભરાઈ જાય છે. જેના કારણે શહેર સુનુ લાગે છે.

કેટલાક રીક્ષાચાલકો, વાહનચાલકો અને શ્રમજીવીઓ જેમને ખુલ્લામાં રહેવાની ફરજ પડે છે તેઓ પણ તાપણા સળગાવી ઠંડીથી બચવાનો પ્રયાસ કરતાં નજરે પડે છે. સવારે છેક દસ વાગ્યા પછી થોડીઘણી ચહલપહલ જોવા મળે છે. જો કે દિવસ દરમ્યાન પણ પવનની ગતિ ૬ થી ૮ કિમી જેટલી રહેતા દિવસે પણ ગરમ વસ્ત્રો પહેરવાની ફરજ પડે છે. શાળા-કોલેજના વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ આખો દિવસ ગરમ વસ્ત્રોમાં લપેટાયેલા જોવા મળે છે. હજુ આગામી અઠવાડિયે વધુ કાતિલ ઠંડી પડવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. આજે મહત્તમ તાપમાન ૨૮.૮ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૮.૨ ડિ.સે. નોંધાયું હતું.

## ક્રેડિટ ડિપોઝીટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નબળા-ગરીબ વર્ગના ધિરાણમાં, પ્રાયોરીટી ક્ષેત્રમાં ધિરાણ નબળા ગરીબ વર્ગના ધિરાણ આ બધા જ રેસિયો બેંકો દ્વારા વધવાની જરૂર હતી જેથી કરીને રાષ્ટ્રીય લક્ષ્યાંક હાંસલ કરી શકાય.

આ સૂત્રોએ જણાવ્યું છે કે કુલ ધિરાણની સરખામણીએ પ્રાયોરીટી સેક્ટરના ધિરાણનો રેસિયો વધારવાની જરૂર હતી. જો કે જુન ૨૦૧૫ની સરખામણીએ તેમાં વધારો થયાનો સંતોષ બેંકિંગ ક્ષેત્રના અધિકારીઓ લઈ રહ્યા છે. ધિરાણનું વર્ગીકરણ યોગ્ય રીતે કરી રિપોર્ટીંગ નહિ કરવામાં આવતુ હોવાની નારાજગી પણ લીડ બેંકના અધિકારીઓ વ્યક્ત કરી રહ્યા છે.

જિલ્લામાં કિસાન ક્રેડીટ કાર્ડધારકોને એ.ટી.એમ. કાર્ડની સુવિધા આપવા પર પણ લીડબેંકના અધિકારીઓ આગ્રહી બન્યા છે. આ ઉપરાંત ફાર્મર્સ ક્લબોનું ગઢન વધારે થાય તેમજ ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર સહાયિત યોજનાઓના ધિરાણમાં જે બાકી બોલે છે એટલું જ નહિ બેંકો દ્વારા જે નકારાત્મક વલણ અપનાવવાનું ચાલુ રહ્યુ છે તેને લઈ જિલ્લાતંત્ર અવારનવાર નારાજગી વ્યક્ત કરી ચૂકેલ છે. તેમાં કોઈ જ સુધારો જોવા મળ્યો નથી.

જિલ્લામાં ડિપોઝીટોમાં જે ઘટાડાનો ટ્રેન્ડ સ્થાપિત થઈ રહ્યો છે તેને લઈ પણ ચિંતાની લાગણી જોવા મળી રહી છે. લોકોનો હવે બચત કરવાના અભિગમમાં જે બદલાવ જોવા મળી રહ્યો છે તેમાં પુનઃ પ્રસ્થાપિત કરવાનો પડકાર પણ બેંકિંગ ક્ષેત્ર માટે ખુબ ગંભીર બન્યો છે.

## નિમણુંક માટે... ●

અનુસંધાન પહેલાનું ચાલુ

સરકારને સૂચના આપી છે. જજોની નિમણૂંકના મામલામાં એમઓપી તૈયાર કરવા માટે સૂચના આપવામાં આવ્યા બાદ આ દિશામાં વધારે પહેલ કરવામાં આવે તેવી શક્યતા છે. બેંચે કહ્યું છે કે, ઉચ્ચ ન્યાયતંત્રને જજની નિમણૂંકના મુદ્દા ઉપર મેમોરેન્ડમ ઓફ પ્રોસીડરને ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા સાથે વાતચીત કરીને આખરી ઓપ આપવામાં આવે તે જરૂરી છે. ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા વરિષ્ઠ જજોની બનેલી કોલેજિયમ સાથે વાતચીત કરીને નિર્ણય લેશે. લાયકાતના મુદ્દા ઉપર વાત કરતા બેંચે કહ્યું હતું કે, એમઓપી દ્વારા લઘુત્તમ વય પણ નક્કી કરવી જોઈએ.જે કોલેજિયમની માર્ગદર્શિકા મુજબ કામ કરશે. જસ્ટિસ જે ચેલેમેશ્વર અને બીએલ લાકોર, કુરિયન જોસેફ, એકે ગોયેલની બનેલી બેંચે કહ્યું હતું કે, એમઓપી લઘુત્તમ લાયકાત જાળવી રાખે તે જરૂરી છે. સરકાર અને કેન્દ્ર સરકારે આની નોંધ લેવી જોઈએ.

## એક્ઝાઈઝ ડ્યુટી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બાદ હાલમાં ૧૦.૬૬ની સામે વધીને ૧૧.૮૩ થશે. બ્રાન્ડેડ પેટ્રોલ ઉપર બેઝિક એક્સાઇઝ ડ્યુટી લીટરદીઠ ૮.૨૪થી વધારીને ૮.૫૪ કરી દેવામાં આવી છે. આવી જ રીતે બ્રાન્ડેડ ડીઝલ ઉપર તે ૭.૦૨થી વધીને ૮.૧૯ પ્રતિલીટર થઈ ગઈ છે. છ સપ્તાહથી પણ ઓછા સમય ગાળાની અંદર એક્સાઇઝ ડ્યુટીમાં બીજી વખત વધારો કરવામાં આવ્યો છે. ૭મી નવેમ્બરના દિવસે સરકારે પેટ્રોલ પર એક્સાઇઝ ડ્યુટીને લીટરદીઠ ૧.૬૦ રૂપિયા અને ડીઝલ ઉપર લીટરદીઠ ૩૦ પૈસાનો વધારો કર્યો હતો. આ વધારાના અનુસંધાનમાં ઓઈલ કંપનીઓએ પેટ્રોલની કિંમતમાં ગઈકાલે લીટરદીઠ ૫૦ પૈસાનો ઘટાડો વેટ અને સેલટેક્સ સિવાય કર્યો હતો જ્યારે ડિઝલ ઉપર વેટ અને સેલટેક્સ સિવાય ૪૬ પૈસાનો ઘટાડો કરવામાં આવ્યો હતો.

**જાહેર નિવિદા**

**માસિક ભાડાથી વાહનની સુવિધા (ડ્રાયવર સાથે) પુરી પાડવા અંગે**

આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની ગાંધીનગર ખાતેની ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત ૩જો માળ, બિરસા મુંડા ભવન સેક્ટર-૧૦-એ ગાંધીનગરમાં વાહનની સુવિધા (ડ્રાયવર સાથે) પુરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો સીલબંધ કવરમાં રજીસ્ટર એ.ડી.થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ - અલગ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧.૦૦ થી ૧૬.૦૦ કલાક વચ્ચે તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં કચેરીના સરનામેથી અરજી સાથે નોન રીફંડેબલ ટેન્ડર ફી પેટે રૂ. ૧૦૦૦/- નો ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાતના નામનો ડ્રાફ્ટ જમા કરાવીને રૂબરૂ મેળવી શકાશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીનો રહેશે. અને ટેન્ડર ભરનારને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે.

ઈચ્છા ધરાવતી એજન્સી / પ્રતિનિધિ કચેરીની રૂબરૂ મુલાકાત લઈને સુમાહિતગાર થઈ શકશે.

પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ અલગ ભરેલા ટેન્ડર પોર્મ કચેરીના મુખ્ય કારોબારી અધિકારીને તા. ૪-૧-૨૦૧૬ના રોજ ૧૬.૦૦ કલાક સુધીમાં રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી.થી મળી જાય તેમ મોકલવાના રહેશે.

માહિતી/૨૦૪૯/૨૦૧૫-૧૬ મુખ્ય કારોબારી અધિકારી-ડી-સેગ




